RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.૬૮૩ તા.૧૨–૩–૧૨,
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી વિજય.એન.શેણમાર
સામાવાળાઃ– પર્સોનલ ઓફિસર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)
ડે.કમિ. અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (રીક્રુટમેન્ટ)

ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિજય.એન.શેણમારેની તા. ૧૫–૦૨–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧)સુરત મનપાના કમિશ્નરશ્રીએ આપેલ મેઈન્ટેનન્સ આસી.(ઈલે.) ની ૯ જગ્યા માટે આપેલ જાહેરાત નં. પીઆરઓ/૩૯૧/૨૦૦૮ તા. ૨૭–૧૦–૨૦૦૮ મુજબ કેટલા અરદારોએ અરજી કરી, ઈન્ટરવ્યુ લેવાયા તથા ૯ પસંદગી પામેલા અરજદારનો નામ, સરનામાની યાદી વિ. મુદ્દા નં. (૧)થી (૩)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૨–૩–૧૨ ની **SMC/FAP/** નં.૬૮૩ /૨૦૧૧–૧૨

શ્રી વિજય એન. શેણમારેની તા. ૧૫–૦૨–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) સુરત મનપાના કમિશ્નરશ્રીએ આપેલ મેઈન્ટેનન્સ આસી. (ઈલે.)ની ૯ જગ્યા માટે આપેલ જાહેરાત નં. પીઆરઓ/૩૯૧/૨૦૦૮ મુજબ કેટલા અરજદારોએ અરજી કરી, ઈન્ટરવ્યુ લેવાયા તથા ૯ પસંદગી પામેલા અરજદારના નામ, સરનામાની યાદી વિ. મુદ્દા નં. (૧) થી(૩)ની માહિતી આપવા બાબતે ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (રીક્રુટમેન્ટ) ના પત્ર નં. જીએડી/ઈએસટી/આર/૧૦૭૭ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગ તા. ૬–૩–૧૨થી માહિતી આપવાની થતી નથી તેના કારણો દર્શાવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૨–૩–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા / ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા તેમજ કઈ કલમ હેઠળ ઈન્કાર કરેલ છે તે સ્પષ્ટ કરવા સાથે** વિશેષતઃ બન્ને જાહેરાત અનુસંધાને થયેલ–ન થયેલ કાર્યવાહીની દફતરી વિગતો જો કોઈ અપવાદ હેઠળ સમાવિષ્ટ થતી હોય તો તે સહિત સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈસેલ/૨૦૩૪ તા. ૨૦–૩–૧૨ થી પર્સોનલ ઓફિસર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ), ડે.કમિ. અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (રીક્રુટમેન્ટ) તથા અરજદારને અપીલ દરમ્યાન માહિતી મળે તો બાદમાં નારાજગી અંગે આધાર સહ તેમનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ.જેના અનુસંધાનેજાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/ ૪૩૫૩ તા. ૨૩–૩–૧૨ થી નોંધ વિભાગ, અરજદારની મુળ અરજી ની નકલ, જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/ અઠવા/ આરટીઆઈ/આ.નં.૧૫૭૬ તા. ૧૬–૨–૧૨ થી જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તથા રીક્રુટમેન્ટને તબદીલ કરેલ પત્રની નકલ, પત્ર નં.જીએડી/ઈએસટી/૪૧૭૯ તા.૧૨–૩–૧૨ થી નાણા ભરી માહિતી મેળવવા પાઠવેલ પત્રની નકલ, અરજદારે ભરેલ નાણાઅંગે રસીદ નં.૧૧૫૧૭૯ તા.૨૨–૩–૧૨ ની રસીદની નકલ, અરજદારને આપવામાં આવેલ માહિતી અંગે પત્રં.જીએડી/ઈએસટી/૫૮૪ તા. ૮–૫–૧૨ ના પત્રની નકલ અત્રે મળેલ છે.જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૧૪૬ તા.૨૯–૩–૧૨ થી પૂરક વિગતોમાં અરજદારનેઆપેલમાહિતી અંગે પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૦૭૭ તા.૬–૩–૧૨ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈપૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૧૫–૨–૧૨ ની અરજીથી મેઈન્ટેનન્સ આસી. (ઈલે.)ની જગ્યાની ભરતી બાબતે મુદ્દાનં.૧ થી ૩ ની માહિતી માંગતી અરજીસુમપાને સંબોધતી અરજી અઠવાઝોન ખાતે કરવામાં આવેલ. જે અઠવાઝોન તરફથી નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૧૫૭૬ તા. ૧૬–૨–૧૨ થી જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તથા રીક્રુટમેન્ટને નિયત સમય અવધિમાં તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને રીક્રુટમેન્ટ વિભાગ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૦૭૭ તા. ૬–૩–૧૨ થી નિયત સમય અવધિમાં અરજીમાં માંગવામાં આવેલ મેઈન્ટેનન્સ આસી. (ઈલે.) ની જગ્યા માટે આપવામાં આવેલ જાહેરાત ઈન્ટરવ્યુ તેમજ પસંદગી પામેલ ઉમેદવારોની નિમણુંક વિગેરે બાબતેની કોઈ માહિતી રીક્રુટમેન્ટ વિભાગ ધ્વારા આપવાની થતી નથી તેવું જણાવેલ. જે અંગે મળેલા પ્રતિભાવથી નારાજ થઈ અરજદારે માહિતી આપવાની થતી નથી અને તેના કારણો દર્શાવેલ નથી અને માંગેલ માહિતીના દસ્તાવેજો જાહેર દસ્તાવેજો છે તેવું જણાવી તા.૧૨–૩–૧૨ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે જાહેર માહિતી અધિકારીએ પૂરક વિગતોમાં માંગેલ માહિતી રીક્રુટમેન્ટ વિભાગને લગતી ન હોય માહિતી આપવામાં આવેલ નથી તેની તે મુજબનો જવાબ પાઠવવામાં આવેલ છે.આમ

અરજદારને માહિતી નહીં આપવાનું કારણ જણાવવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી માંગવામાં આવેલમાહિતી અંગે પત્ર નં.જીએડી/ઈએસટી/૪૧૭૯ તા.૧૨–૩–૧૨ થી માહિતી અંગે દસ્તાવેજ ફી ભરપાઈકરવા પાના નંગ–૧૫ ના પાના દીઠ રૂા. ૨/–લેખે રૂા. ૩૦/– ભરપાઈ કરવા નિયત સમય અવધિમાં પત્ર પાઠવવામાં આવેલ. જે અંગે અરજદારે અઠવાઝોન ખાતે રસીદ નં.૧૧૫૧૭૯ તા.૨૨–૩–૧૨ થી નાણા ભરપાઈ કરેલ. પરંતુ માહિતી મળેલ ન હોય અરજદારના પ્રતિનિધિ મહેશભાઈ ધ્વારા રૂબરૂમાં તપાસ અર્થે આવતાં અને માહિતીના નાણાની રસીદની ઝેરોક્ષ નકલ રજૂ કરેલ. જેના સંદર્ભે અરજદારને પત્ર નં.જીએડી/ઈએસટી/૫૮૪ તા. ૮–૫–૧૨ થી મુદ્દાનં.૧ થી ૩ ની માહિતી પૂરી પાડવામાં આવેલ. જેમાં અરજદારની અરજીના મુદ્દાનં.(૧) સુરત મનપાના કમિશ્નરશ્રીએ આપેલ મેઈન્ટેનન્સ આસી. (ઈલે.)ની ૯ જગ્યા માટે આપેલ જાહેરાત નં. પીઆરઓ/૩૯૧/૨૦૦૮ મુજબ કેટલા અરજદારોએ અરજી કરી, ઈન્ટરવ્યુ લેવાયા તથા ૯ પસંદગી પામેલા અરજદારના નામ, સરનામાની યાદી. તેવા પ્રશ્ન બાબતેજાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી તા. ૨૭–૧૦–૦૯ નારોજ મેઈન્ટેનન્સ આસી. (ઈલે.) ૦૯ ખાલી જગ્યા પુરવા માટે આપવામાં આવેલ જાહેરાતના સંદર્ભમાં કુલ–૮૦૧ ઉમેદવારોની અરજી મળેલ. જે પૈકી ૬૬ ઉમેદવારોને પર્સનલ ઈન્ટરવ્યુ માટે બોલાવવામાં આવેલ અને તા. ૯–૯–૦૯ ના રોજ ઈન્ટરવ્યુ બાદ સ્ટાફ સીલેકશન સમિતી ધ્વારા જુદી જુદી જાતિના કુલ–૨૪ ઉમેદવારોની પ્રતિક્ષાયાદી તૈયાર કરવામાં આવેલ. જેની નકલ આપેલ છે. પસંદગી પામેલા ઉમેદવારોના નામ સરનામાની સદરહુ ફાઈલમાં સાદા કાગળ ઉપરના લીસ્ટની નકલ આપેલ છે.પ્રતિક્ષાયાદી તથા ઉમેદવારોના નામ –સરનામાની યાદી આપવામાં આવેલ છે.તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૨) આ પસંદગી મુજબ ૯ જગ્યા હોવા છતાં ૨ વર્ષસુધી નિમણુંક ન થવાના કારણો. તેવા પ્રશ્ન બાબતેજાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી મેઈન્ટેનન્સ આસી. (ઈલે.) ની ઉપરોકત ખાલી જગ્યા ભરવા માટે કરવામાં આવેલ કાર્યવાહીની નોંધ વિભાગ તથા પત્ર વ્યવહાર વિભાગના લાગત પેપર્સની નકલ આપવામાં આવેલ છે. મુદ્દા નં.(૩) મેઈન્ટેનન્સ આસી. (ઈલે.) ની ૧૮ જગ્યા માટે ફરી જાહેરાત નં.પીઆરઓ/૬૦૩/૨૦૧૧–૧૨ ની જાહેરાત આપતા પહેલા અગાઉની ૯ ની પસંદગી રદ કરી હોય તો કારણ સહિત નિર્ણય અંગેની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી સદરહુ જગ્યા માટે પ્રતિક્ષાયાદીની મુદત લંબાવવા અંગેના રીપોર્ટ ઉપર મે. કમિ.શ્રીએ તા.૩–૧–૧૨ નારોજ " ફ્રેશ પ્રોસેસ કરો" નો આદેશ આપેલ છે જેની નકલ અરજદારને આપવામાં આવેલ છે. આમ અરજદારને મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવામાં આવેલ હોય અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

અરજદારની પ્રથમ અપીલ તા.૧૨–૩–૧૨ ધ્યાને લેતાં ૧૦–૦૪–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૨૫–૪–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૫–૨–૧૨ ની અરજી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝલા)
ડે.કમિશ્નર(સ્પે.)
અને ત.એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૨

પ્રતિ,

(૧) પર્સોનલ ઓફિસર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ), ડે.કમિ. અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (રીક્રૂટમેન્ટ) , ...જાણ તથા અમલ માટે .

(૨) શ્રી વિજય એન. શેણમારે ,